રાજકોટના મહે. પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબની અદાલતમાં,
મુકામ : રાજકોટ.

રે.દિ.મુ.નંબર : ૮૫/૨૦૨૬

–:: વાદીની આંકઃ–૫ કામચલાઉ મનાઈ અરજી નીચે હુકમ ::–

૧. મનાઈ અરજી વંચાણે લીધી, પેપર્સ વંચાણે લીધા.

૨. પ્રતિવાદીઓ તરફે આંક–૧૦ થી દાવા તથા મનાઈ અરજી સામે વાંધા જવાબ રજૂ કરેલ છે.

વાદી તરફે કાઉન્ટર એફિડેવીટ રજૂ કરવામાં આવેલ નથી.

૩. વાદીએ માર્ક–૪/૧ થી ૪/૮ સુધી દસ્તાવેજો રજૂ કરેલા છે.
પ્રતિવાદી તરફે માર્ક–૧૧/૧ થી ૧૧/૬ થી દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

૪. દલીલો :–

વાદી તરફે વિ.વ.શ્રીની દલીલોઃ – વાદી તરફે વિ. વકીલશ્રી ધ્વારા તેમની આંક–૦૫ થી રજુ કામ ચલાઉ મનાઈઅરજી મુજબ દલીલ કરેલ છે.

વધુમાં વાદીના વિ.વ.શ્રીએ રજૂઆત કરે છે કે, જગ્યા નોટરાઈઝડ વેચાણ કરારથી જીલુભાઈ પાસેથી ખરીદી, શેર સર્ટી આપેલ છે. અમે માલિક થયા છે. છેલ્લા ૨૪ વર્ષથી અમારા પાસે એડવર્સ પઝેસન છે. ૨૪ વર્ષથી વાહન વેચાણનો ધંધો કરીએ છીએ. કોર્પોરેશને નોટીસ આપી કે વાણીજ્ય હેતુ માટે આ જગ્યા રીઝર્વે રાખી છે. અમે જવાબ આપેલ છે. અમને સાંભળેલ નથી. ટી.પી. સ્કીમના કાયદાનું પાલન કરેલ નથી. ડ્રાફ્ટ વખતે નોટીસ આપી નથી. વાંધા સ્વીકારેલ નથી. અમને વૈકલ્પીક જગ્યા કે વળતર આપેલ નથી. અમારા વાંધાનું નિરાકરણ

લાવેલ નથી.

પ્રતિવાદીના જવાબમાં તા.૨૩/૦૩/૨૦૨૬ના ફાઇનલ થયાનું કહે છે તે પહેલા અમને નોટીસ આપી ડ્રાફ્ટ ટી.પી. વખતે વાદીને નોટીસ આપવી પડે અને તેના વાંધા સાંભળી નોટીસ આપવી જોઇએ. અને વેચાણ કરારથી જગ્યાના માલિક છે. ખાલી કરવા આજદિન સુધી કોઇ પગલા લીધા નથી. કલમ -૫૨ ટી.પી. એક્ટની જોગવાઇ છે શું કાર્યવાહી કરવી. વૈકલ્પીક મકાન આપેલ નથી. વળતર આપેલ નથી. સીધી કબજાની નોટીસ આપી છે. ખ્યાતનામ બિલ્ડર દ્વારા આજુબાજુના પ્લોટ લઇ લીધા છે. અમે ન આવ્યા તેથી આ કાર્યવાહી થઇ છે. અમે જગ્યા ખરીદ કરી છે. અમારી મીલકતમાંથી રસ્તો નીકળતો નથી. મિલકત હેતુ નથી વાણીજ્ય હેતુની ખોટી રજૂઆત કરેલ છે. ત્રણ તત્વો અમારી ફેવરમાં છે. નોટીસ ટી.પી. ફાઇનલ થયા પછી આપેલ છે. કોર્ટને સત્તા છે. ગુડ ફેઇથમાં કૃત્ય નથી. ડ્યુ પ્રોસિઝર ફોલો કરેલ નથી.

<u>પ્રતિવાદી તરફે વિ.વ.શ્રીની દલીલઃ-</u> પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી એ રજૂઆત કરવામાં આવેલ છે કે, ટી.પી.ને ચેલેન્જ ન કરી શકાય. સીવીલ કોર્ટમાં પબ્લીક હેતુમાં મનાઇ ન મળે. સરકારનું બીલ ભરેલ નથી. માર્ક ૪/૧ કરાર અનરજીસ્ટર્ડ છે. કલમ -૫૪ રજીસ્ટર્ડ એક્ટ વિરૂદ્ધ છે કરારમાં તારીખ નથી. મિલકત ખેતીની જમીન છે. બીન ખેતી થઇ નથી. કન્સ્ટ્રક્શનની કે ગાડીઓ વેચવાની પરવાનગી મેળવી નથી કે રજૂ નથી. નોટીસનો જવાબ આપ્યો છે, તેમને સાંભળ્યાં છે ત્યારબાદ કાર્યવાહી કરી છે. નોટીસ ટી.પી. અર્બન ડેવલોપમેન્ટ એક્ટ હેઠળ આપી છે. નામદાર કોર્ટને રજૂઆત નથી. કલમ -૧૦૫ હેઠળ દાવો ન લાવી શકે જેથી મનાઇ અરજી પણ ટકી શકે નહીં. ટી.પી. ફાઇનલ થઇ ગઇ છે. સરકારી જગ્યા છે અને સરકારને જોડેલ નથી. આંક-૧ ની દાદ આંક-૫માં છે. ટી.પી.ની નોટીસ ચેલેન્જ માટે હાઇકોર્ટમાં જવું પડે. જાહેર હિતના કામને નુકશાન થાય.

૫. વાદીની કામચલાઉ અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના પ્રતિવાદી નં. ૧ રાજકોટ મહાનગરપાલીકામાં મ્યુ. કમીશ્નર છે તેઓની નીચે સમગ્ર

મહાનગરપાલીકાની તમામ શાખાઓ આવે છે અને પ્રતીવાદી નં. ૨ વેસ્ટ ઝોન, ટાઉન પ્લાનીંગ શાખાના અધીકૃત અધીકારી છે. વધુમાં વાદી રાજકોટ શહેરના મવડીના રે. સ.નં. ૯૨ પૈકીની જમીન ઉપર આવેલ શ્રી પ્રમુખનગર કો. ઓ. હા. સો. લી. (સુચીત) ના પ્લોટસ પૈકી પ્લોટ નં. ૧,૨, ૨૬ અને ૨૭ ની કુલ જમીન ચો.વા.આ. ૧૫૨૬–૦૦ વાદી જોગના વેચાણ કરાર અને ચુકતે અવેજ મળ્યા અંગેની પહોંચથી તા. ૧૫/૦૭/૦૨ ના રોજ પુરતો અવેજ આપીને જીલુભાઈ લાધાભાઈ ડાંગર સોસાયટીના પ્રમુખ પાસેથી ખરીદ કરેલ છે અને વાદીના નામના સોસાયટીએ આપેલ શેર સર્ટીફીકેટ, પ્રમાણપત્ર તથા પૈસા ભર્યાં અંગેની પહોંચ વિગેરે આવેલ છે અને બાદમાં આ તમામ પ્લોટમાં વાદી કાર લે–વેચનું કામકાજ કરે છે અને જે માંહેથી પ્લોટ નં. ૧ જમીન ચો.વા.આ. ૬૦૯–૦ છે તથા પ્લોટ નં. ૨ જમીન ચો.વા.આ. ૫૫૫.૫ છે તથા પ્લોટ નં. ૨૬ ની જમીન ચો.વા.આ. ૧૯૮–૦ છે તથા પ્લોટ નં. ૨૭ ની જમીન ચો.વા.આ. ૧૬૩.૪ છે.

વાદીની રજૂઆત મુજબ સદરહું જમીન ઉપર વાદી શેડ અને ઓફીસ વિગેરે બનાવીને ઓટો કન્સલટન્ટનો વેપાર–ધંધો કરે છે અને વાદી આશરે ૨૪ વર્ષથી કબજા, ભોગવટા અને માલીકી ધરાવીએ છે અને વાદીનું એડવર્સ પજેશન છે અને તા. ૧૬/૦૧/૨૦૧૬ ના રોજ પ્રતીવાદી રાજકોટ મહાનગર પાલીકાના વેસ્ટ ઝોનના ટાઉન પ્લાનીંગ શાખાના આસી. ટાઉન પ્લાનર દ્ધારા તેમના નં. રા.મ્યુ.કો./ટી.પી./વેસ્ટ ઝોન/જા. નં. ૨૭૨૮ થી વાદીને એવી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ કે સદરહું તમોની માલીકીની જમીન સ. નં. ૯૨ પૈકી પ્લોટ નં. ૧,૨, ૨૬ અને ૨૭એ બધા ડ્રાફ્ટ ટી. પી. સ્કીમ નં. ૨૧ (મવડી) ના મુળ ખંડ નં. ૧૯ ના અંતીમ ખંડ નં. ૧૮/એ માં આવે છે અને જે જમીનમાં હજુ ટી. પી. સ્કીમ મંજુર થયેલ પણ નથી અને તે પહેલા કોપોરેશન સદરહું ટી. પી. સ્કીમના પ્લાન અનુસાર પોતાની માલીકીની જમીન વાણીજય વેચાણ માટે હેતુના રીર્ઝવેશન પ્લોટમાં ભળે છે તેવુ દર્શાવીને સદરહું જમીનમાં તા. ૧૬/૦૧/૨૬ થી ૧૦ દિવસમાં જમીન શા માટે કબજે ન કરવી તે અંગેનું કારણ બતાવવાનું કહેલ અને સંતોષકારક જવાબ ન મળ્યેથી જમીન ઉપરનું

દબાણ નોટીસ મળ્યાના ૧૦ દિવસમાં એટલે કે તા. ૧૬/૦૧/૨૬ થી તા. ૨૬/૦૧/૨૬ સુધીમાં ખાલી કરવાનું જણાવેલ છે અને નોટીસ વાદીને મળ્યા બાદ તા. ૨૭/૦૧/૨૬ ના રોજ અને ત્યારબાદ તા. ૦૪/૦૨/૨૦૨૬ ના રોજ જવાબ–વાંધા આપેલ અને પ્રતિવાદીઓની નજર વાદીના પ્લોટ ઉપર હોય અને પડાવી લેવા માંગતા હોય, જેથી પ્રતીવાદી કોઈપણ કારણોથી હાલની વાદીની જમીન નો કબજો લઈ લે તેવી આશંકા હોય જેથી દાવો લાવવાની ફરજ પડેલ છે.

૫.૧ વાદી દાવો લાવવના કારણો નીચે મુજબ જણાવેલ છે.

૧) સદરહું જમીન વાદીનો આશરે ૨૪ વર્ષથી કબજો, ભોગવટો અને માલીકીની રહેલ છે અને ૨૪ વર્ષથી વાદીના એડવર્સ પજેશનમાં રહેલી છે.

૨) વાદીએ પ્રતીવાદીની નોટીસનો યોગ્ય પ્રત્યુતર આપેલ હોવા છતા પણ પ્રતીવાદીઓ વાદીની જમીન અને તેની ઉપરનું બાધકામ તોડી પાડે તેવો વાદીને ભય હોય અને જો વાદીનું વેપાર ધંધાનું સ્થળ તોડી પાડે તો વાદી વેપાર ધંધા વગરના થઈ જાય તેમ હોય અને કુંટુંબ અને નાના નાના સંતાનો રોડ ઉપર આવી જાય તેમ છે

૩) સામાન્ય રીતે માલીકીની જગ્યા માં ટી. પી. સ્કીમ નીકળે તો તેઓને વળતર કે યોગ્ય વૈકલ્પીક જગ્યા કે મકાન કે જંત્રી મુજબની કિંમત આપવામાં આવે છે, પરંતુ હાલના કેસમાં પ્રતીવાદી આવુ વળતર કે યોગ્ય વૈકલ્પીક જગ્યા કે મકાન આપ્યા વિના જ ફકત દિવસ ૧૦ માં જ વાદીનું વેપાર ધંધાનું સ્થળ તોડી પાડી નાખવાની પેરવી કરી રહેલ હોય જેથી પણ હાલનો દાવો આપ નામ. રામક્ષ લાવવાની અમોને ફરજ પડેલ છે.

૪) ટી. પી. સ્કીમ નં. ૨૧ (મવડી) ડ્રાફટ છે અને તેમાં વાંધેદારોના વાંધા, ભવિષ્યના પ્લાનીંગ વિગેરેના આધારે ધણા બધા ફેરફારો થવાની શકયતાઓ રહેલી છે અને આવી શકયતાઓના કારણે ટી. પી. સ્કીમ નં. ૨૧ (મવડી) માં ધણા ફેરફાર થઈ શકે તેમ હોય, પ્લાનમાં ફેરફાર થઈ શકે તેમ હોય તેમ છતા ટી. પી. સ્કીમ મંજુર થયેલ ન હોવા છતા વાદી પાસેથી વાદીના વેપાર ધંધાની મિલ્કત/જમીન આ કામના પ્રતિવાદીઓ એન કેન પ્રકારે લઈ લેવા માંગતા છે.

૫) સદરહું પ્લોટ / જમીન લેવાનો હેતુ પ્રતિવાદીઓનો કોઈપણ ધંધાદારીને

કોમૅશીયલ વેચાણ કરીને તેમાંથી પૈસા કમાવવાનો છે એટલે કે વાદીને કામ ધંધા વગરના કરીને પાયમાલ કરીને રોડ ઉપર લાવીને પ્રતિવાદીઓ આ મિલ્કત / જમીન અન્ય કોઈને વેચાણ આપીને પૈસા કમાવવા માંગે છે.

૬) વાદીની સંપુર્ણ જમીન/ધંધાનું સ્થળ આ ડ્રાફટ ટી. પી. સ્કીમમાં જતી હોય અને વાદી પાસે કોઈપણ પ્રકારની વેપાર ધંધાનું સાધન રહેતુ ન હોય અને નિયમ મુજબ વાદીને વળતર કે યોગ્ય વૈકલ્પીક જગ્યા કે મકાન કે જંત્રી મુજબની કિંમત આપવાની હોય છે તેમ છતા પ્રતિવાદી આવુ કોઈ વળતર કે યોગ્ય વૈકલ્પીક જગ્યા કે મકાન કે જંત્રી મુજબની કિંમત આપવા માંગતા નથી.

૭) જો વાદીનું ધંધાદારી સ્થળ લઈ લેવામાં આવે અને તોડી પાડવામાં આવે તો વાદીની આવકનું સાધન છીનવાઈ જતા વાદીનું એક માત્ર આવકનું સાધન છીનવાઈ જાય તેવી પરીસ્થીતી ઉત્પન્ન થયેલ હોય અને પ્રતીવાદીઓ ગેરબંધારણીય અને ગેરકાનુની રીતે વર્તી શકે નહી અને વાદીની છેલ્લા ૨૪ વર્ષથી ઉપરોકત જગ્યાએ મિલ્કત આવેલ છે.

૬. વાદીએ હાલનો દાવો વિજ્ઞાપન તથા કાયમી મનાઇ હુકમ મેળવવા દાખલ કરેલ છે. વાદીની દાવા અરજીની તથા મનાઇ અરજીની રજૂઆત ધ્યાન લઇએ તો વાદીએ રે.સ.નં.૯૨ પૈકીની જમીન ઉપર આવેલ પ્રમુખ નગર કો.ઓ.હા.સોસા.લી.ના પ્લોટ્સ પૈકી પ્લોટ નં.૧,૨,૨૬,૨૭ ની કુલ જમીન ચો.વા.આ.૧૫૨૬-૦૦ વેચાણ કરારથી લીધેલ છે. વધુમાં વાદીએ સદરહું જમીન પર સેડ અને ઓફીસ બનાવ તેમા તેઓ કાર ઓટો કન્સલટનો ધંધો કરે છે અને ૨૪ વર્ષથી વાદગ્રસ્ત મિલકત જગ્યા પર કબજો ભોગવટો અને માલિકી ધરાવે છે. સદર કામમાં વાદીએ માર્ક ૪/૧ થી વેચાણ કરાર તથા ચૂકતે અવેજની પહોંચ અને કબજા સોંપ્યાનો કરાર રજૂ કરેલ છે. જ્યારે માર્ક ૪/૨ થી પ્રમુખનગર કો.ઓ.હા.સોસા.લી. દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર, માર્ક ૪/૩ થી પ્રમુખનગર કો.ઓ.હા.સોસા.લી. દ્વારા આપવામાં આવેલ પૈસા ભર્યાની પહોંચ અને માર્ક ૪/૪ શેર સર્ટી. રજૂ કરેલ છે.

વાદીની રજૂઆત મુજબ તા. ૧૬/૦૧/૨૦૧૬ ના રોજ પ્રતીવાદી

રાજકોટ મહાનગર પાલીકાના વેસ્ટ ઝોનના ટાઉન પ્લાનીંગ શાખાના આસી. ટાઉન પ્લાનર દ્વારા તેમના નં. રા.મ્યુ.કો./ટી.પી./વેસ્ટ ઝોન/જા. નં. ૨૭૨૮ થી વાદીને એવી કારણદર્શક નોટીસ આપવામાં આવેલ કે સદરહું તમોની માલીકીની જમીન સ. નં. ૯૨ પૈકી પ્લોટ નં. ૧,૨, ૨૬ અને ૨૭એ બધા ડ્રાફટ ટી. પી. સ્કીમ નં. ૨૧ (મવડી) ના મુળ ખંડ નં. ૧૯ ના અંતીમ ખંડ નં. ૧૮/એ માં આવે છે અને જે જમીનમાં હજુ ટી. પી. સ્કીમ મંજુર થયેલ પણ નથી અને તે પહેલા કોર્પોરેશન સદરહું ટી. પી. સ્કીમના પ્લાન અનુસાર પોતાની માલીકીની જમીન વાણીજય વેચાણ માટે હેતુના રીર્ઝવેશન પ્લોટમાં ભળે છે તેવુ દર્શાવીને સદરહું જમીનમાં તા. ૧૬/૦૧/૨૬ થી ૧૦ દિવસમાં જમીન શા માટે કબજે ન કરવી તે અંગેનું કારણ બતાવવાનું કહેલ અને સંતોષકારક જવાબ ન મળ્યેથી જમીન ઉપરનું દબાણ નોટીસ મળ્યાના ૧૦ દિવસમાં એટલે કે તા. ૧૬/૦૧/૨૬ થી તા. ૨૬/૦૧/૨૬ સુધીમાં ખાલી કરવાનું જણાવેલ છે અને નોટીસ વાદીને મળ્યા બાદ તા. ૨૭/૦૧/૨૬ ના રોજ અને ત્યારબાદ તા. ૦૪/૦૨/૨૦૨૬ ના રોજ જવાબ-વાંધા આપેલ અને પ્રતિવાદીઓની નજર વાદીના પ્લોટ ઉપર હોય અને પડાવી લેવા માંગતા હોય, જેથી પ્રતીવાદી કોઈપણ કારણોથી હાલની વાદીની જમીન નો કબજો લઈ લે તેવી આશંકા હોય જેથી વાદીએ હાલનો દાવો કરેલ છે. વાદી તરફે માર્ક ૪/૫ થી પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ નોટીસ રજૂ કરેલ છે.

વાદીની રજૂઆત મુજબ વાદીની રજૂઆત ધ્યાને લઇએ તો વાદી વેચાણ કરારના આધારે વાદગ્રસ્ત મિલકતમાં માલિકી હકક કલેઇમ કરે છે. ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટી એક્ટની કલમ-૫૪ તથા રજીસ્ટ્રેશન એક્ટની કલમ-૧૭ ધ્યાને તથા વંચાણે લઇએ તો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી મિલકતના ટાઇટલ ટ્રાન્સફર થઇ શકે છે. વેચાણ કરારના આધારે મિલકતમાના રાઇટ, ટાઇટલ, ઇન્ટ્રેસ્ટ, ટ્રાન્સફર થઇ શકે નહી. વધુમાં વાદી એક બાજુ વાદગ્રસ્ત મિલકતના માલિકી હકક કલેઇમ કરે છે અને બીજી બાજુ એડવર્સ પઝેશનથી પોતાનો રાઇટ કલેઇમ કરે છે જે બંન્ને એક સાથે કલેઇમ થઇ શકે નહીં. પ્રતિવાદીની માર્ક ૪/૫ વાળી તા.૧૬/૦૧/૨૦૨૬ની નોટીસ ધ્યાને લઇએ તો તેમાં જણાવેલ છે કે

વાદીના કબજામાંની અંતિમ ખંડ નં.૧૮–એ રાજકોટ મ્યુ.કોર્પોરેશનના વાણિજ્ય વેચાણ માટેના હેતુ સર રિઝર્વેશન પ્લોટમાં મળે છે અને આ કબજામાનું અંદાજિત ક્ષેત્રફળ ૧૨૬૯–૦૦ ચો.મી.નું દબાણ છે અને જેથી યોજનાની જોગવાઇ મુજબ સદર જમીન અંતિમ ખંડ નં.૧૮–એ રાજકોટ મ્યુ.કોર્પોરેશનના વાણિજ્યક વેચાણ માટેના હેતુ સર રિઝર્વેશન પ્લોટ્સમાં ભેળવવામાં આવે છે જેથી વાદીનો માલિકી કબજેદાર તરીકે સદર મિલકતમાં કોઇ હક્ક રહેતો નથી. પ્રતિવાદીની રજૂઆત મુજબ દાવાવાળી મિલકત જે વિસ્તામાં આવેલ છે તે વિસ્તારમાં ટી.પી. સ્કીમ નં.૨૧ (મવડી) લાગુ પડતા આ મિલકતના ફાઇનલ પ્લોટ નં.૧૮–એ છે અને વાણિજ્યક હેતુના વેચાણ માટે તે રાજકોટ મહાનગર પાલિકામાં વેસ્ટ થયેલ મિલકત અને જેથી વાદી આ કામના પ્રતિવાદી કોર્પોરેશનમાં નિહિત થયેલ સાર્વજનિક હેતુ માટેની રીર્ઝવડ મિલકતમાં ગેરકાયદેસરના ઘુસણખોરી કરેલ છે અને આવા ગેરકાયદેસરના કબજા ધરાવનારને અદાલત દ્વારા ઇકવીટેબલ કોઇ દાદ કે રક્ષણ આપી શકાય નહીં. પ્રતિવાદીની રજૂઆત મુજબ ટી.પી.સ્કીમ નં.૨૧(મવડી) ડ્રાફ્ટ સ્કીમ તા.૧૩/૧૦/૨૦૦૬ થી અમલમાં મુકવામાં આવેલ અને આ ટી.પી.સ્કીમ ડ્રાફ્ટ તૈયાર થઇ જતા પ્રિલીમરી ટાઉન પ્લીનિગ સ્કીમ તરીકે તા.૧૫/૧૦/૨૦૨૪ના રોજ મંજૂર થયેલ અને ત્યારબાદ તેની અમલવારી શરૂ કરવામાં આવેલ છે. પ્રતિવાદી તરફે માર્ક ૧૧/૨ થી તા.૧૩/૧૦/૨૦૦૬ ના રોજનું અર્બન ડેવલોપમેનટ્ એન્ડ અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ સચિવાલય, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીસફીકેશન તથા માર્ક ૧૧/૩ થી તા.૧૫/૧૦/૨૦૨૪ના રોજનું અર્બન ડેવલોપમેનટ્ એન્ડ અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ સચિવાલય, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીસફીકેશન તથા માર્ક ૧૧/૪ થી તા.૨૩/૦૩/૨૦૨૬ના રોજનું અર્બન ડેવલોપમેનટ્ એન્ડ અર્બન હાઉસીંગ ડીપાર્ટમેન્ટ સચિવાલય, ગાંધીનગર દ્વારા બહાર પાડવામાં આવેલ નોટીસફીકેશન તથા માર્ક ૧૧/૫ થી આખરી ટી.પી.સ્કીમ નં.૨૧(મવડી) એફ.પી.નં.૧૮/એ નો નકશો તથા માર્ક ૧૧/૬ થી પુનઃ વહેંચણી પત્રક ફોર્મ નં.એફ રજૂ કરેલ છે. આમ, દાવાવાળી મિલકતમાં ટી.પી. સ્કિમ નં.૨૧ લાગુ પડેલ છે. અત્રેની અદાલત દ્વારા વાદી તરફે રજૂ

થયેલ ટાઉન પ્લાનીગ એક્ટની જોગવાઇ ધ્યાને લીધી. વાદી વાદગ્રસ્ત મિલકતના રજી. વેચાણ દસ્તાવેજથી માલિક થયેલ હોય તેવું રેકર્ડ પર નથી. વાદી એડવર્સ પઝેશનની રજૂઆત કરેલ છે, પરંતુ એડવર્સ પઝેશનથી તેઓ મિલકતના માલિક થાય છે તેવી તેમની કોઇ દાવા અરજીમાં દાદ નથી. વધુમાં વાદી દ્વારા બી.પી.એમ.સી. એક્ટની કલમ-૪૮૭ મુજબની નોટીસ પ્રતિવાદી નં.૧ને આપવામાં આવેલ હોય તેવી હકીકત પણ રેકર્ડ પર નથી. અત્રેની અદાલત દ્વારા અમદાવાદ મ્યુ. કોર્પોરેશન ૨૦૦૬(૧) જીએલઆર ૩૬૦ના ચુકાદામાં નામદાર હાઇકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લીધા. વધુમાં વાદી તરફે મનાઇ અરજીમાં જે દાદ માંગવામાં આવેલ છે તેમાની મહદઅંશે દાદ ધ્યાને લેતા જો દાદ મંજૂર કરવામાં આવે તો વચગાળાના તબક્કે દાવો મંજૂર થય જાય તેમ છે.

૭. વાદી તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલોના સમર્થનમાં કેશવજી દેવજી પટેલ વિ. સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૧) જી.એલ.આર ૨૯૭ થી નામદાર હાઇકોર્ટનો તથા જી. મણીક્યામ્મા વિ. રૂદ્રી કો.ઓ.હા.સોસા.લી. (2014) 15 SCC 197 થી નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો રજૂ રાખી રજૂઆત કરેલ છે કે, પ્રતિવાદી નં.૧ દ્વારા ડ્યુ પ્રોશેસ ઓફ લો ફોલો કરેલ નથી. વધુમાં વાદી તરફે વિ.વ.શ્રીએ બાબુભાઇ એન્ડ કંપની વિ. સ્ટેટ ઓફ ગુજરાત (1985)17 u (SC) 935 થી નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો રજૂ રાખી રજૂઆત કરેલ છે કે, ઇવીક્શન માટે નોટીસ પાઠવી વાંધાની તક આપેલ નથી અને પ્રતિવાદી દ્વારા નેચરલ જસ્ટીશનુ પાલન કરેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલત તથા નામદાર હાઇકોર્ટના ચુકાદા ધ્યાને તથા વંચાણે લીધા તથા તેમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને તથા વંચાણે લીધા. અત્રેની અદાલત દ્વારા ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ સદર ચુકાદાની હકીકતો અને હાલના દાવાની હકીકતો અલગ હોય સદર ચુકાદાઓ વાદીને મદદરૂપ થતા નથી.

૭.૧ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રીએ ચેરમેન કૌશીક બલ્વંતરાય ભુનોતર ઓફ ગીતાનગર કો.ઓ.હા.સો.લી. વિ. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, 2025 (0)

AIJEL–HC–250285 તથા વિષ્ણુભાઈ રણછોડભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાત APPEAL FROM ORDER NO 85/2021 DATE–07/12/2021 તથા વિમલબેન રામસાગર મિશ્રા વિ. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન, ચુકાદા તા.૦૩/૦૮/૨૦૦૯ થી નામદાર હાઈકોર્ટના ચુકાદાઓ રજૂ રાખીને રજૂઆત કરેલ છે કે, ટી.પી.ની નોટીસ ચેલેન્જ કરવા માટે નામદાર હાઈકોર્ટમાં જવુ પડે. અત્રેની અદાલત દ્વારા નામ. હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને તથા વંચાણે લીધા તથા તેમાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને તથા વંચાણે લીધા.

વાદીને જે નોટીસ આપવામાં આવેલ છે તે ટાઉન પ્લાનર ઓફીસર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આપવામાં આવેલ છે. વાદીએ પ્રતિવાદી દ્વારા આપવામાં આવેલ નોટીસને ચેલેન્જ કરેલ છે. ટાઉન પ્લાનિગ એક્ટની કલમ – ૧૦૫ બાર ઓફ લીગલ પ્રોસિડિંગ્સને લગતી છે જે નીચે મુજબ છે.

105. No suit, prosecution or other legal proceeding shall lie against the state Gov, the appropriate authority or any public servant or person duly appointed or authorised under this Act, in respect of anything in good faith done or purporting to be done under the provisions of this Act or any rules or regulations made thereunder.

આમ, ઉપરોક્ત કાયદાકીય પ્રબંધો ધ્યાને લેતા પ્રતિવાદી દ્વારા ગુડ ફેથમાં કામ અને કાયદા અન્વયે કાર્યવાહી કરી હોય તો દાવો થઈ શકે નહીં તેવી જોગવાઈ છે. પ્રતિવાદી તરફે રજૂ કરવામાં આવેલ ચુકાદાઓ પ્રતિવાદીને મદદરૂપ થાય છે.

૮. આ સંજોગોમાં વાદીનો પ્રથમ દર્શનિય કેસ નથી, બેલેન્સ ઓફ કન્વીન્યન્સ વાદીની તરફેણમાં નથી તથા વાદીને ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ વાદગ્રસ્ત મિલ્કત અંગે મનાઈ હુકમ ન આપવામાં આવે તો વાદીને નાણાંથી ભરપાઈ ન થઈ

શકે તેવું નુકશાન થાય તેમ નથી. આમ, અત્રેની અદાલત ધ્વારા નીચે મુજબનો હુકમ કરવાનું ન્યાયી અને ઉચીત જણાતું હોય, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુ ક મ ::–

૧. વાદીની હાલની મનાઇ અરજી આથી **ના–મંજૂર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨ . ખર્ચ અંગે હુકમ નથી.

હુકમ આજરોજ તા: ૦૪, માહે–જુલાઇ, સને ૨૦૨૬ નાંરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : રાજકોટ.
તારીખ : ૦૪/૦૭/૨૦૨૬

(ચિરાગ વસંતલાલ રાણા)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,
રાજકોટ.
(જજ કોડ : જીજે૦૦૮૭૦)